જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૫/૧૭**

## ફેસબુક એકાઉન્ટ હેક કરી ફોટાઓ તથા ફ્રેન્ડસને ડીલીટ કરનાર આરોપીને ઝડપી પાડતી સાયબર સેલ ક્રાઈમ બ્રાન્ચ,

ફરિયાદીશ્રીએ ગયા ઓકટોમ્બર માસની અંદર પોતાના ફેસબુક એકાઉન્ટ તથા ઇમેલ આઇડી કોઇ અજાણ્યા ઇસમ દ્વારા હેક કરી ફરીયાદીના ફોટાઓ તથા ફ્રેન્ડસને ડીલીટ કરવામાં આવે છે તથા ફેસબુક એકાઉન્ટમાં સ્ટેટસ વારંવાર ફેરફાર કરવામાં આવે છે અને ફરીયાદીની જાણ બહાર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલવામાં આવે છે અને પાસવર્ડ ચેન્જ કરવામાં આવતા હોવાની હકિકત અત્રે સાયબર ક્રાઈમમાં આવી જણાવતા તે સબંધે સાયબર સેલના એ.સી.પી.શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા નાઓએ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ સાથે ચર્ચા કરતાં ઉક્ત અધિકારીશ્રીઓએ આ બાબતે તાત્કાલિક ગુનો દાખલ કરી આરોપીને શોધી કાઢવા જરૂરી સુચના કરતાં સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદીની ઉક્ત હકિકત આધારે તા:૨૭/૧૦/૨૦૧૬ ના રોજ ડીસીબી પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૩૦૮૯/૨૦૧૬ ધી આઈટી એક્ટ કલમ. ૬૫, ૬૬, ૬૬(સી) મુજબનો ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ પોલીસ ઈન્સપેક્ટરશ્રી જે.એસ.ગેડમ નાઓએ સંભાળેલ.

આ ગુનાની તપાસ દરમ્યાન ફેસબુક કંપનીમાંથી ફરીયાદીબેનના ફેસબુક એકાઉન્ટના આઇપી લોગ મંગાવી તેની સબસ્કાર્યબર્સ હકીકત મેળવતાં આરોપીનો મોબાઇલ નંબર મળી આવેલ જે મોબાઇલ નંબર આધારે આરોપીની તપાસ કરતાં આરોપી દિપક જમીયતરાય રામચંદાણી રહેવાસીઃ ૬, સેવાકુંજ સોસાયટી, મેથોડીસ્ટ ચર્ચની પાસે, મણીનગર પુર્વ, અમદાવાદ શહેર જે કપડાંનો વ્યાપાર ધંધો કરે છે તેઓની પ્રાથમીક પુછપરછ કરતાં તેમજ તેની પાસે રહેલ મોબાઇલ ફોનની તપાસ કરતાં આરોપીએ ગુનો કરવામાં તેના ફોનનો ઉપયોગ કરેલ હોય આરોપીને ગઇ કાલ તા. ૨૨/૦૧/૨૦૧૭ ના રોજ અટક કરવામાં આવેલ છે.

સદરી આરોપીની પુછપરછ દરમ્યાન જાણવા મળેલ કે, આરોપી ફરીયાદીને છેલ્લા એક વર્ષથી ઓળખે છે. અને તે ફરીયાદીબેનના એકતરફી પ્રેમમાં હોય અને હેરાન પરેશાન કરતો હોય જેથી ફરીયાદીએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરુધ્ધમાં ફરીયાદ આપેલ જે ગુનામાં આરોપી હાલમાં જામીન પર મુકત છે. તે બાદ આરોપીએ ફરીયાદીબેનનું ફેસબુક એકાઉન્ટ હેક કરી ફરીયાદીબેને અપલોડ કરેલ ફોટાઓ પોતાના ફોનમાં સેવ કરી તમામ ફોટાઓ ડીલીટ કરી નાખેલ અને ફેસબુક સ્ટેટસમાં લીવ ઇન રીલેશનશીપ સ્ટેટસ કરી નાખેલ. તે બાદ ફરીયાદીના તમામ ફેસબુક ફ્રેન્ડ ને ડીલીટ કરી નાખેલ હતા. સદરી આરોપીએ પોતે આ ગુનો પોતાના મોબાઈલ ફોનથી કરેલાનો એકરાર કરતાં અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વસ્ત્રાપુર સેન્ચુરીયન ફ્લેટમાં ફરીયાદીને બંધક બનાવી રૂ.૯,૦૦,૦૦૦/- ની લુંટના ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી લુંટ આચરનાર ગેંગના બે આરોપીઓને પકડી પાડતી શહેર ક્રાઈમબ્રાન્ચ.</u>**

ગઇ તા.૨૦/૦૧/૨૦૧૭ ના રોજ અમદાવાદ શહેર વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલ સેન્ચુરીયન ફ્લેટમાં ફરીયાદીને બંધક બનાવી રોકડ રૂપીયા તથા સોના ચાંદીના દાગીનાઓની લુંટ કરી આરોપીઓ નાસી ગયેલ જે બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૧૬/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૨,૩૯૪,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ.

આ ગુનાની ગંભીરતા ધ્યાને લઇ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાંચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાંચની પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઇ. જે.એમ.જાડેજા તથા પો.સ.ઇ. એચ.બી.બાલીયા તથા પો.સ.ઇ. એન.એસ.રબારી તથા પો.સ.ઇ.એન.જી.ચૌધરી નાઓએ આ ગુનાનો ભેદ ઉકેલી કાઢવા સારૂ અલગ અલગ ટીમો બનાવી તે દિશામાં તપાસ હાથ ધરેલ. જેમાં ગઇકાલ તા.૨૨/૦૧/૨૦૧૭ ના રોજ પો.સ.ઇ.જે.એમ.જાડેજાનાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે થલતેજ સર્કલ આગળ ગાંધીનગર તરફના સર્વિસ રોડ ખાતેથી ગોપાલનાથ ધુળનાથ દેવડા ઉ.વ.૨૭ રહેવાસી બી/૧૧,આંગણ એપાર્ટમેન્ટ, રાજીવનગર, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ શહેર મુળ વતન ગામ નોલી તા. સલુંબર જી. ઉદેપુર રાજસ્થાન તથા ભેરીયા ભગુડા મેઘવાલ ઉ.વ.૨૭ રહેવાસી જૈન સમાજની ધર્મશાળામાં થલતેજ ચોકડી પાસે થલતેજ અમદાવાદ તથા પ્રાઇમેટ કોમ્પલેક્ષ ચીરાગભાઇ ની દુકાનમાં જજીસ બંગલો બોડકદેવ અમદાવાદ મુળગામ: બિલ્કાવાસ પોસ્ટ: ગદવાસ થાના: ધરીયાવદ તા.ધરીયાવદ જી.પ્રતાપગઢ રાજસ્થાન નાઓને તા.૨૨/૦૧/૨૦૧૭ ના કલાક ૧૮/૦૦ વાગે CRPC કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરેલ.

આરોપીઓ પાસેથી (૧) એક ગ્રે કલરની સ્કાયબેગ કંપનીની કી.રૂ.૧૦૦૦/- (૨) એક મરૂન કલરની રેકઝીનની ટાયકુન કંપનીની સુટકેસ કી.રૂ.૧૦૦૦/- (૩) પચાસના દરની ચલણી નોટો- ૫૨ લેખે કુલ રૂ.૨૬૦૦/-(૪) એક પથ્થરની ગણેશજીની મુર્તી (૫) એક પુંઠાનું બોક્ષ જેમાં કાચની પ્લેટ નંગ-૬ તથા પુજા માટેનો સામાન જેમાં ગંગાજળ ભરવા માટેનું પાત્ર તથા એક નાની દોરીવાળી થેલી તથા નાનું પાકીટ તથા એક ચાવી તથા ધાતુની બુટ્ટી તથા પીન તથા બે ખાલી કવર (૬) બજાજ કંપનીની સી.એન.જી. રીક્ષા આર.ટી.ઓ.નંબર જીજે-૨૭-વી-૧૫૨૮ કી.રૂ.૫૦,૦૦૦/- મળી આવતા તે કબજે કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ આરોપીઓની પાસેથી મળી આવેલ ઉપરોકત મુદામાલ બાબતે સઘન અને ઘનિષ્ટ પુછપરછ કરતા જણાવેલ છે કે, ભેરીયા મેઘવાલે તેના મિત્રો ગોપાલ તથા ભેરીયો @ સુનીલ મીણા રહે. રામદેવનગર તલાવડી સેટેલાઇટ ની સાથે મળી સેન્ચુરીયન ફ્લેટમાં ફરીયાદીના ઘરમાં લુંટ કરવાનો પ્લાન બનાવેલ જે પ્રિપ્લાન મુજબ આરોપી સુનીલ @ ભેરીયો મીણા આ કામે પકડાયેલ આરોપીઓ ગોપાલનાથ ધુળનાથ દેવડા તથા ભેરીયા મેઘવાલને આજથી વીસેક દિવસ અગાઉ પકવાન ચાર રસ્તા પાસે આવેલ પેટ્રોલપંપ પાસે મળેલો અને પોતાના લુંટનો પ્લાન નકકી કરેલ જે પ્લાન મુજબ સુનીલ @ ભેરીયો મીણા જે ઘરમાં છેલ્લા થોડા સમયથી ઘરઘાટી તરીકે કામ કરતો હતો તે જ ઘરમાં ઘરમાલીક અવાર નવાર બહારગામ જતા હોઇ અને ઘરમાં પુષ્કળ રૂપીયા મળે તેમ હોઇ આ કામ કરવાનું નકકી કરેલ. જેમાં પકડાયેલ આરોપી ગોપાલ પોતાની રીક્ષા લઇ લુંટ બાદ તમામને સુનીલ @ ભેરીયાના ઘરે લુંટમાં મળેલ મુદ્દામાલ સાથે લઇ જવાનું નકકી કરેલ તથા ગોપાલે ઉપર ફ્લેટની બહાર રેકી કરી ફ્લેટની અવર જવર પર ધ્યાન રાખી અને મુદ્દામાલ ભેગો કરવામાં મદદ કરવાનું નક્કી કરેલ તથા પકડાયેલ બીજો આરોપી ભેરીયા મેઘવાલ ફ્લેટની બહાર વોચમાં રહેલ. જેથીફ્લેટની અંદર આવતા જતા માણસો પર નજર રાખી શકાય. આ બાબતે બંને આરોપીઓને એક એક લાખ રૂપીયા આપવાનું નકકી કરેલ.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આ તમામ લુંટનો પ્લાન વીસેક દિવસ અગાઉ નકકી કરેલ અને સતત એક અઠવાડીયા સુધી સુનીલ @ ભેરીયાએ ફલેટ પર જોઇ બીજા માણસોને માહિતી આપતો કે ફલેટના માલીક હાજર છે કે નહિ અને તા.૨૦/૦૧/૨૦૧૭ ના રોજ ફલેટ પર ફરીયાદી બહેન એકલા ઘરે હાજર હોઇ અગાઉના પ્લાન મુજબ આરોપીઓએ લુંટ કરેલ જેમાં આરોપીઓએ ઘરમાંથી મળેલ રોકડા રૂપીયા તથા સોના ચાંદીના દાગીના તથા બીજો સરસામાન સુટકેસો તથા કોથળામાં ભરી આરોપી ગોપાલનાથની રીક્ષા લઇ કુડાસણ ખાતે જઇ ત્યાંથી એક બોલેરો ગાડી ભાડે કરી રાજસ્થાન ખાતે જતા રહેલા

આ કામે લુંટમાં ગયેલ રોકડા રૂપીયા ભેરીયો @ સુનીલ મીણા તથા તેની પત્ની કંચન તથા કુતરાવાળો ભુરીયો નામનો માણસ લઇને રાજસ્થાન ખાતે રોકાયેલ હોવાનું પકડાયેલ આરોપીઓએ જણાવેલ. જેથી ક્રાઇમ બ્રાંચની ટીમ રાજસ્થાન ખાતે જઇ આરોપીઓના વતનમાં તપાસ કરતા આરોપીઓ મળી આવેલ નહિ. ક્રાઇમ બ્રાંચે આરોપીઓના સગા વહાલા તથા ગામના આગેવાનોને સંપર્ક કરી બનાવ બાબતે જાણ કરેલ અને  જો આરોપીઓ કે લુંટમાં ગયેલ મુદામાલ મળી આવે તો પોલીસને જાણ કરવાનું જણાવેલ. જેથી આરોપીઓના સગા વહાલાને મુદ્દામાલ મળી આવતા ટીડી પોલીસ સ્ટેશન રાજસ્થાન ખાતે જમા કરાવેલ.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)